ઓમકાર ઈન્ટરનેશનલ સ્કૂલના

વિદ્યાર્થીઓ વિધાનસભાની મુલાકાતે

ગાંધીનગર, તા. ૧૦

બાળકો વિધાનસભાની કામગીરીથી પરિચિત થાય અને તેમને વિધાનસભામાં ચાલતા સત્રનો અનુભવ થાય તે આશયથી મંગળવારના રોજ ઓમકાર ઈન્ટરનેશનલ સ્કૂલ દ્વારા ધોરણ-૫થી ૯ના વિદ્યાર્થીઓ માટે વિધાનસભાની મુલાકાતનું આયોજન કરવામાં આવ્યું હતું. મુલાકાત દરમિયાન બાળકોએ વિધાનસભા ગૃહમાં નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ દ્વારા કરવામાં આવતી ચર્ચા પ્રત્યક્ષ નિહાળી હતી. ત્યારબાદ બાળકોએ વિધાનસભાના ઑડિટોરિયમની પણ મુલાકાત લીધી હતી.

સર્વ વિદ્યાલય ગર્લ્સ હૉસ્ટેલની વિદ્યાર્થિનીઓ ઉદ્યાનના પ્રવાસે

ગાંધીનગર, તા. ૧૦

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત ગર્લ્સ હૉસ્ટેલની દીકરીઓ માટે સૅક્ટર-૨૮ના ઉદ્યાનની મુલાકાતનું આયોજન કરવામાં આવ્યું હતું.

પ્લાસ્ટીક હટાવો ધરતી બચાવો... સ્વચ્છતા ત્યાં પ્રભુતા... જેવાં સૂત્રોના નાદથી દીકરીઓએ વાતાવરણ ગજવી મૂક્યું હતું. બગીચામાં દીકરીઓને રમતો રમાડવામાં આવી હતી અને અલ્પાહારની ભેટ પણ આપવામાં આવી હતી.

આ ઉપરાંત ૧૧ સાયન્સની ૨૦૦ વિદ્યાર્થિનીઓને ગાંધી કુટિરની મુલાકાત કરાવવામાં આવી હતી. આ બંને પિકનીકનું આયોજન ગર્લ્સ હૉસ્ટેલ સુપ્રિટેન્ડન્ટ વસંતીબેન અને હૉસ્ટેલ સ્ટાફ દ્વારા કરવામાં આવ્યું હતું.

જન્મદિને વધામણી

ઝંખના મેહુલ શાહ
મો. ૯૪૨૭૭ ૧૩૪૨૨

અનેરી મૃગેશ ભટ્ટ
મો. ૯૯૦૯૯ ૧૪૩૩૧

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.
- સંપાદક

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી ઍમ બી પટેલ ગર્લ્સ પ્રાઈમરી સ્કૂલ દ્વારા

સ્પેલિંગ ટેસ્ટ કોમ્પિટિશન યોજાઈ

ગાંધીનગર, તા. ૧૦

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી ઍમ બી પટેલ ગર્લ્સ પ્રાઈમરી સ્કૂલ દ્વારા વિદ્યાર્થિનીઓ અંગ્રેજી વિષયમાં વધુ રસ લેતી થાય અને તેમનું શબ્દભંડોળ વધે તે આશયથી સ્પેલિંગ ટેસ્ટ કોમ્પિટિશનનું આયોજન કરવામાં આવ્યું હતું. ધોરણ-૩થી ૮માં અભ્યાસ કરતી વિદ્યાર્થિનીઓએ આ કોમ્પિટિશનમાં ઉત્સાહથી ભાગ લીધો હતો. આ કોમ્પિટિશનનું આયોજન શાળાનાં સુપરવાઈઝર સંગીતાબેન પટેલ અને અંગ્રેજી વિષયના શિક્ષકો દ્વારા કરવામાં આવ્યું હતું. ધોરણ-૩થી ૬ના વિભાગમાં રાજવી રતનસિંહ ઝાલા અને ધોરણ-૬થી ૮ના વિભાગમાં પ્રિતી હરજીભાઈ સુથાર વિજેતા બન્યાં હતાં.

હીરામણી સ્કૂલના પ્રાથમિક વિભાગ દ્વારા ગીતા જયંતિની ઉજવણી કરવામાં આવી હતી. ભગવદ્‌ગીતાના શ્લોકોનાં પઠન અને ભગવદ્‌ગીતાનાં જીવનમાં મહત્ત્વ વિશે વિદ્યાર્થીઓને સમજ આપવામાં આવી હતી. આચાર્ય પિનાક્ષીબેન, સીઈઓ ભગવત અમીન, ઍજ્યુકેશન ઍડવાઈઝર ગોપાણીજી, આચાર્ય નીતા શર્મા અને કોષા પટેલ આ પ્રસંગે વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધારવા માટે ઉપસ્થિત રહ્યાં હતાં. સ્પર્ધાનું સંચાલન સંયોજક કેતન ભટ્ટ અને તેજસ ભટ્ટ દ્વારા કરવામાં આવ્યું હતું.

વીપીઍમપી પોલિટૅકનિક ખાતે

વિદ્યાર્થીઓ માટે કારકિર્દી માર્ગદર્શન સૅમિનાર

વીપીઍમપી પોલીટેકનીક, સૅક્ટર-૧૫ દ્વારા ધોરણ-૧૦ બાદના કારકિર્દી વિકલ્પો માટે એક માર્ગદર્શન સૅમિનારનું આયોજન સોમવારે કરવામાં આવ્યું હતું. કારકિર્દી-વાંચ્છુક વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા.

ચૌધરી કૉમર્સ કૉલેજનું ગૌરવ

ગાંધીનગર, તા. ૧૦

અખિલ આંજણા કેળવણી સંચાલિત ચૌધરી કૉમર્સ કૉલેજની ગુજરાતી માધ્યમની વિદ્યાર્થિની નિધિ હસમુખલાલ જોબનપુત્રાએ ગુજરાત યુનિવર્સિટીમાં તૃતિય ક્રમે ઉત્તીર્ણ બની કૉલેજનું ગૌરવ વધાર્યું છે. સંસ્થાના પ્રમુખ હરીભાઈ ચૌધરી, ઉપપ્રમુખ રણછોડભાઈ ચૌધરી, ટ્રસ્ટીગણ, આચાર્ય અને સ્ટાફ દ્વારા નિધિને બિરદાવી અભિનંદન પાઠવવામાં આવ્યા છે.

ઍસ. કે. પટેલ સ્કૂલમાં 'સ્પોર્ટ્સ ડે' ઉજવાયો

ગાંધીનગર, તા. ૧૦

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ દ્વારા સંચાલિત એસ.કે.પટેલ સ્કૂલમાં 'સ્પોર્ટ્સ ડે' સેલિબ્રેશન યોજાયું હતું. શિક્ષકોએ બાળકોને ઈનડોર અને આઉટ ડોર જેવી અલગ અલગ પ્રકારની કુલ ૫૨ રમતો રમાડી હતી. વોટર બેલેન્સિંગ, મ્યુઝિકલ ચેર, બોલ બેલેન્સિંગ, મોન્સ્ટર લેગ, શાર્ક રનિંગ, વગેરે જેવી આઉટડોર રમતો તથા સિકવન્સ ધ બટન, સ્નેક એન્ડ લેડર, એડિશન વગેરે જેવી ઈનડોર રમતોનો આનંદ બાળકોએ મુક્તમને માણ્યો હતો.

ઈન્ટરનેશનલ હ્યુમન રાઈટસ ઍસો. દ્વારા ડૉ. ભાણજી એચ. સોમૈયાનું સન્માન

ગાંધીનગર, તા. ૧૦

રાષ્ટ્રીય પ્રમુખ ડૉ. ડેવિડ રાવ અને ઉપ રાષ્ટ્રીય પ્રમુખ ડૉ. શહેનાજ એ. બાબીનાં નેતૃત્વમાં કાર્યરત "ઈન્ટરનેશનલ હ્યુમનરાઈટસ એસોસીએશન" દ્વારા જેતપુર બ્રહ્માકુમારી સેન્ટરના હોલ મધ્યે ગુજરાતના પાંચ વ્યક્તિઓને "ડેડીકેટેડ પર્સોનાલીટી એવોર્ડ" એનાયત કરવામાં આવ્યા હતા. જીવનમાં હકારાત્મક અભિગમ સાથે, કપરા અને સંઘર્ષ કાળમાં, ડગ્યા વગર પરિશ્રમ અને સંઘર્ષ સાથે આગળ વધી, સમાજને ઉદાહરણ રૂપે કર્મો દ્વારા સાચી સમજ અને પ્રેરણા આપી, પોતાની જાતને હંમેશા ઘસી

ચારે તરફ સુગંધ ફેલાવવા બદલ ગુજરાતનાં જાણીતા લેખક અને મોટીવેશનલ સ્પીકર ડૉ. ભાણજી એચ. સોમૈયાનું પણ "ડેડીકેટેડ પર્સોનાલીટી એવોર્ડ" એનાયત કરી જાહેરમાં સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ઈન્ટરનેશનલ હ્યુમનરાઈટસ એસોસીએશનનાં ઉપ રાષ્ટ્રીય પ્રમુખ ડૉ. શહેનાજ એ. બ્રહ્માકુમારી સેન્ટરનાં બ્રહ્મકુમારી બહેનો, ગુજરાત રાજ્યના કોર્ડીનેટર સંજયભાઈ ઠેસિયા, સૌરાષ્ટ્રના અધ્યક્ષ વિજયભાઈ ચાહાણ તેમજ સંસ્થાના અગ્રણીઓ અને સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા મોડાસા તાલુકામાં સેવાકાર્યો

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગરની સેવા સંસ્થા શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા મંગળવારે મોડાસા તાલુકાના વાંટડા ગામે બે સિલાઈ મશીન જરૂરિયાતમંદોને ભેટ ધરવામાં આવ્યાં હતા. મોટર સાથેનાં આ બે સિલાઈ મશીન મંગુબેન ખેરાત અને રસીલાબેન મકવાણાને ઘેર સંસ્થા દ્વારા પહોંચતાં કરવામાં આવ્યાં હતાં. આ સાથે સીલાઈ કામ માટેની જરૂરી વસ્તુઓ પણ તેમને ભેટ ધરવામાં આવી હતી. બંને એકલ બહેનો લાંબા સમયથી સંસ્થાની સેવાનો લાભ લેતાં હતાં, જેમને રોજગાર અંગેની જરૂરિયાત જણાતાં સંસ્થા દ્વારા આ કાર્ય હાથ ધરવામાં આવ્યું હતું. આ ઉપરાંત શોભાયડા ખાલસા સ્કૂલનાં તમામ બાળકોને નવાં કપડાંની ભેટ સંસ્થા તરફથી ધરવામાં આવી હતી. મિલિન્દભાઈ, યોગેશભાઈ તથા ભીમજીભાઈ આ સેવાકાર્યોમાં સંસ્થા વતી જોડાયા હતા.